Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. વિક્રમ સંવત ૧૯૬૩—માગશર અંક ૫ મો.

## પાંચકલ્પી સાધુઓનું વર્ણન.

અને

## શિવભૂતિની દુર્દશા.

આર્હત શાસ્ત્રમાં ગુરૂને માટે કેટલું બધું માન છે, તે બધું મુખથી કહી શકાય તેમ નથી, તેમ લેખણુથી લખી શકાય તેમ નથી. પરોપકારી ગુરૂનો પ્રભાવ દિવ્ય છે, તેમના હૃદયમાં આ વિશ્વનું હિત કરવાની બુદ્ધિ હોય છે, તેમની દૃષ્ટિમાં સમાન ભાવનો પ્રકાશ પડે છે અને તેમની વાણીમાં કલ્યાણમય ઉપદેશ રહેલ છે. આવા ગુરૂની અવજ્ઞા કરવી, તેમના વચન ઉપર વિશ્વાસ ન રાખવો અને તેમની તરફ અનાદર રાખવો, એ મોટામાંમોટો દોષ છે. એટલુંજ નહીં પણ તેમ કરવાથી અસહ્ય દુઃખ સહન કરવું પડે છે. તેને માટે શિવભૂતિ નામના એક સાહસિ-ક સુભટનો દાખલો જાણવા જેવો છે.

રથવીર નગરમાં **સિંહરથ** નામે એક રાજા થઇ ગયો. તે રાજાને **શિવભૂતિ** નામે એક બલવાન્ અને સાહસિક સુભટ હતો. રાજા સિંહરથ તેને મુશ્કેલી ભરેલા કામમાં જોડતો હતો. ઘણે ભાગે તે પોતાના સાહસથી રાજાનું કામ ફત્તેહ કરીને આવતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. આવો શૂરવીર છતાં તેનામાં બે અવગુણો હતા. એક તો તે આગ્રહથી અવિચારી સાહસ કરતો હતો અને બીજું તેનામાં પ્રૌઢતા ન હતી. તેથી વારંવાર ઉચ્છૃંખલ બની જતો હતો.

એક વખતે રાજા સિંહરથે તેને બોલાવીને કહ્યું કે, શિવભૂતિ, તું મારી જમણી ભુજા છું, આજે એક અણધાર્યું કામ આવી પડયું છે, તે તારે કરવું પડશે. ચડાઉ પ્રકૃતિના શિવભૂતિએ રાજાને કહ્યું, મહારાજા, હું આપનો સેવક છું, જે કામ બતાવશો તે સત્વર બજાવીશ. રાજા બોલ્યો, મથુરાનો રાજા આપણો દુશ્મન છે. તેને કેદ કરી પકડી લાવવો છે. આ કામ જો તું પાર ઉતારીશ તો તું જે માગીશ તે તને હું આપીશ. રાજાના આવાં વચન સાંભળી શિવભૂતિ કેટલાએક સામંતો તથા મંત્રિઓને સાથે લઇ મથુરા તરફ ચાલ્યો. આગળ જાતાં મંત્રિઓએ શિવભૂતિને કહ્યું, વીરનર, આપણી એક મોટી ભુલ થઇ છે. રાજાની આગળ ખુલાસો કર્યા વિના આપણે આગલ ચાલ્યા છીએ. જો હવે પુછવા જઇએ તો ઘણો વિલંબ થાય અને તેથી રાજા ગુસ્સે થાય. શિવભૂતિ બોલ્યો–શી ભુલ થઇ છે? તે કહો. તેઓએ કહ્યું કે, મથુરા બે છે. ઉત્તર મથુરા અને દક્ષિણ મથુરા તેઓમાં કઇ મથુરા ઉપર ચડાઇ કરવાની છે? શિવભૂતિ-કહ્યું અરે તેમાં શી ચિંતા કરો છો? આપણે બંને મથુરા તાબે કરીએ. એક તરફ હું એકલો જાઉં ને એક તરફ તમે બધા જાઓ. તેમાં જેને પકડવામાં મુશ્કેલી હોય, તેને હું પકડું અને બીજાને તમે પકડો. આવો વિચાર કરી પ્રચંડ શક્તિવાળા દક્ષિણ મથુરાના રાજાને પકડવાને શિવભૂતિ ગયો અને ઉત્તર મથુરાના રાજાને પકડવામાં બીજા મંત્રિ સામંતો ગયા. સમર્થ શિવભૂતિએ પોતાના અતુલ શૌર્યથી દક્ષિણ મથુરાના રાજાને ઓચિંતો પકડી લીધો. અને તેને કેદ કરી તે રથવીર નગરમાં પકડી લાવ્યો. બીજા મંત્રિઓ પણ ઉત્તર મથુરાના રાજાને પકડી લાવ્યા. શિવભૂતિનું આવું ઉત્તમ સાહસ જોઇ રાજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંહરથ તેની ઉપર ખુશી થઇ ગયો અને કહ્યું કે, વીરનર શિવભૂતિ, જે ઈચ્છામાં આવે તે માગી લે. અલ્પબુદ્ધિવાલા શિવભૂતિએ રાજાને જણાવ્યું કે, મહારાજા, જો મારી ઉપર ખુશી થયા હો તો મને આપણા બધા નગરમાં રાતે કે દીવસે ગમે ત્યારે સ્વતંત્ર રીતે હરવા ફરવાની છુટ આપો. આપના તરફથી મને કોઇ જાતનો અટકાવ ન થવો જોઇએ. રાજાએ તે વાત સ્વીકારી લીધી.

સાહસથી યુક્ત એવો શિવભૂતિ રાજાની આગલથી વચન લઇ સ્વતંત્ર બની રથવીર નગરમાં સ્વેચ્છાએ નિર્ભય થઈ ફરવા લાગ્યો. ગમે તે વખતે ફરતા અને ગમે ત્યાં જતા શિવભુતિને કોઇપણ ચોકીદાર અટકાવી શકતો નહિ રખડાઉ શિવભૂતિ કોઇ વારતો આખી રાત રઝળતો અને સવારે પોતાને ઘેર આવતો. આ શિવભૂતિને **રમા** નામે એક સ્ત્રી હતી. તે ઘણી સુશીલા અને પતિભક્તા હતી. પોતાના પતિનો આવો નઠારો સ્વભાવ જોઇ રમા કંટાળી જતી હતી. રાત્રે પતિની રાહ જોઇ તે બેસી રહેતી અને તેથી રમાને ઘણીવાર ઉજાગરા થવા લાગ્યા એક વખતે કંટાળી ગયેલી રમણીએ નારાજ થઇને પોતાની સાસુને નમ્રતાથી જણાવ્યું, પૂજ્ય માતા, તમારા પુત્ર હંમેશા રાત્રે ઘણા મોડા આવે છે, કોઇ કોઇવાર તો સવારે પણ આવે છે, હું જાગી જાગીને થાકી ગઈ છું માટે તેમને સમજાવો. તેઓ મારાથી સંમજતા નથી. વખતે માતાનો ઉપદેશ તેમને સારી અસર કરશે. પુત્રવધુ રમાના આવાં વચન સાંભળી શિવભુતિની માતા વિચારમાં પડી-" આ કુલીન પુત્રવધૂ બીચારી હેરાન થાય છે તેને સહાય કરવી જોઇએ. રાજાના વચનનો આવો ગેરઉપયોગ કરે, તે યોગ્ય ન કહેવાય. પુત્ર ઉચ્છૃંખલ થઇ આવી વિપરીત વર્ત્તણુક કરે તેને મારે શિક્ષા આપવી જોઇએ. આવું વિચારી તેણીએ પોતાની પુત્રવધૂને કહ્યું કે, હું હવે તેને શિક્ષા આપીશ.

એક વખતે રાત્રે રમા રાહ જોઇને બેઠી હતી, ત્યારે તેની સાસુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કહ્યું, વહુ, તું સુઇ જા. હું જાગતી રહીશ. મારે આજે તેને શિક્ષા કરવી છે. પછી શિવભૂતિની માતા ઘરના દરવાજા બંધ કરી જાગતી બેઠી. અર્ધ રાત્રી વીત્યા પછી શિવભૂતિ રખડતો રખડતો પોતાને ઘેર આવ્યો અને તેણે દ્વાર ઉઘાડવાને પોકાર કર્યો. તેની માતાએ અંદરથી જવાબ આપ્યો, પુત્ર, આટલી રાત્રે દ્વાર ઉઘડશે નહીં, જે ઘરનું દ્વાર ઉઘાડું જોવામાં આવે તે ઘરમાં પેશી જા. માતાના આવા વચન સાંભળી શિવભૂતિના મનમાં રીસ ચડી અને તે તરતજ પાછો વળ્યો. તેણે વિચાર્યું કે, માતાએ મારૂં અપમાન કર્યું, માટે હવેથી તે ઘરના દ્વાર આગલ આવવુંજ નહીં. જે ઘરના ઉઘાડા દ્વાર હોય, ત્યાં જવું. તે વખતે તેને યાદ આવ્યું કે. " સાધુના ઉપાશ્રયનું દ્વાર હંમેશા ઉઘાડું રહેતું હશે, માટે ત્યાં જાઉં " આવું ચિંતવી શિવભૂતિ સાધુના ઉપાશ્રયમાં ગયો.

ઉપાશ્રયમાં તે વખતે આર્યકૃષ્ણસૂરિ ઉતર્યા હતા, તેઓ ઘણા વિદ્વાન અને મુનિધર્મના ધુરંધર હતા. શિવભૂતિ અંદર ગયો ત્યાં તેઓ શાંત વૃત્તિથી મધુરસ્વરે પોતાના સ્વાધ્યાય ધ્યાન કરતા હતા. અનગારની તેવી ધાર્મિક તલ્લીનતા જોઇ શિવભૂતિના હૃદયમાં સારી અસર થઇ આવી અને તેની ચપલ મનોવૃત્તિ બદલાઇ ગઇ. તત્કાલ તેણે હૃદયમાં ચિંતવ્યું કે, અહા ! મુનિઓની કેવી નિર્મલવૃત્તિ, કેવી પવિત્ર ક્રિયા અને કેવી સુખરૂપ પ્રવૃત્તિ છે ! આવા ઉત્તમ અવતારી અનગારના જીવનને ધન્ય છે. આવા મહાત્માઓને માન અપમાનનું કશું દુઃખ લાગતુંજ નથી, તેમના નિર્મલ હૃદયમાં હંમેશા સમાન ભાવ રમી રહ્યા છે. " આવું ચિંતવી શિવભૂતિ પોતાનું મસ્તક ભૂમિપર અડાડી તે સૂરિવરને નમીપડયો. વંદના કર્યા પછી બોલ્યો, ભગવન્, મહાનુભાવ, હું આ સંસારમાં ભ્રમણથી ભય પામી તમારે શરણે આવ્યો છું. આપ મારો ઉદ્ધાર કરો. મને દીક્ષા આપી આ ભવરૂપ મહાવ્યાધિમાંથી મુક્ત કરો. અનુચિતવેળાએ આ પ્રમાણે પ્રાર્થના કરવા આવેલા શિવભૂતિને જોઇ આચાર્ય વિચારમાં પડયા, અને ક્ષણવાર પછી બોલ્યા—ભદ્ર, કોણ છે ? અત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં કેમ આવ્યો છું ? અને શામાટે દીક્ષા લે છે ? શિવભૂતિ બોલ્યો–કૃપાસાગર, હું આ નગરના રાજા સિંહરથનો સુભટ છું. મારૂ નામ શિવભુતિ છે. હું આ સંસારથી વૈરાગ્ય પામ્યો છું. સૂરિએ કહ્યું, ભાઇ, તું રાજાનો સેવક છું, માટે રાજાની રજા વિના તને મારાથી દીક્ષા કેમ આપી શકાય ?

ગુરૂના આવા વચન સાંભળી શિવભુતિ બોલ્યો–પૂજ્યપાદ, જો આપ મને દીક્ષા નહીં આપો તો હું આપની સન્મુખ ઉભો રહી પોતાની જાતેજ દીક્ષા લઇશ. આ પ્રમાણે કહી તેણે પોતાના મસ્તક ઉપરથી લોચ કરવા માંડયો. તત્કાલ ગુરૂએ જાણ્યું કે, જો આ પોતેજ દીક્ષિત થશે તો મને અનવસ્થા દોષ લાગશે, માટે મારે તેને દીક્ષા આપવી યોગ્ય છે આવું વિચારી આર્યકૃષ્ણસૂરિએ તેને વિધિથી દીક્ષા આપી. પછી સૂરિએ વિચાર્યું કે, આવો બલવાન દીક્ષિત થયો, એ વાત જાણીને રાજા આવીને આની દીક્ષા છોડાવશે, માટે અહીંથી ચાલ્યા જવું ઉચિત છે. આવું વિચારી સૂરિ તેને લઇ ત્યાંથી વિહાર કરી દેશાંતરે ચાલ્યા ગયા. શિવભૂતિ દીક્ષિત થઇ ચાલ્યો એ વાતની પછવાડે રાજાને ખબર પડતાં તેણે અનેક દૂત મોકલી તેની શોધ કરાવી, ત્યારે આર્યકૃષ્ણસૂરિ અને શિવભૂતિનો પત્તો મલ્યો. પછી રાજાએ તેમને ભક્તિપૂર્વક દર્શન કરવાને માટે તેડાવ્યા એટલે કૃષ્ણાચાર્ય શિવભૂતિને લઇને રથવીરપુરમાં પાછા આવ્યા. રાજા સિંહરથે પોતાના પૂર્વના સુભટ શિવભૂતિને વિનંતી કરી પોતાના મેહેલમાં બોલાવ્યો. ત્યાં તેને સુખશાતા પુછી રાજાએ એક કંબલ રત્ન આપ્યું અને તેનું ભારે સન્માન કર્યું. કંબલરત્ન લઇ શિવભૂતિ ગુરૂની પાસે આવ્યો અને ગુરૂને તે હર્ષ પૂર્વક બતાવ્યું. ગુરૂએ કહ્યું, શિષ્ય શિવભૂતિ, તેં આ અનુચિત કામ કેમં કર્યું ? આપણાથી રાજાને ઘેર જઇ આવું વસ્ત્ર લેવાય નહીં. શિવભૂતિએ વિનયથી જણાવ્યું, ગુરૂવર્ય, આ કંબલરત્ન મેં કાંઇ મોહથી લીધું નથી, પણ રાજાની દાક્ષિણ્યતાથી લીધેલું છે. પછી ગુરૂએ તે કંબલરત્ન તેને વાપરવા આપ્યું. તે મનોહર વસ્ત્ર ઉપર શિવભૂતિને મોહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો તેને તે સાચવીને રાખવા લાગ્યો. ગુરૂએ જાણ્યું કે, શિવભૂતિને આ વસ્ત્ર ઉપર મૂર્છા થઇ છે, માટે તે મૂર્છા ઉતરાવવી જોઇએ. એક વખતે શિવભૂતિ સવારે બહિર્ભૂમિએ ગયો, એટલે ગુરૂએ પછવાડે તે કંબલરત્નને ફાડી તેના આસન કરી નાખ્યા જ્યારે શિવભૂતિએ આવી તે જોયું, એટલે ગુરૂની સામે તે કાંઇપણ બોલ્યો નહીં, પણ તેના હૃદયમાં ગુરૂ ઉપર દ્વેષ બુદ્ધિ ઉત્પન્ન થઇ.

પછી એક વખતે પોતાના શિષ્યને કોઇ ઉપધિ ઉપર હવે મોહ ન થાય, તેને માટે સમજુતી આપવાને ગુરૂએ શિવભૂતિની સાથે શાસ્ત્રમાં ઉપધિને માટે જે લખેલું છે, તે વાત ઉપદેશરૂપે ચલાવી–શિવભૂતિ, આપણાં જૈન શાસ્ત્રમાં જિન કલ્પીને અને સ્થવિર કલ્પીને માટે ઉપધિનો વિચાર જે લખેલો છે, તે તારે સમજવા જેવો છે. જિન કલ્પી સાધુને બધા મલીને બાર ઉપકરણો હોય છે, સ્થવિરકલ્પીને ચૌદ હોય છે અને આચાર્યોને પચવીશ હોય છે. તે ઉપરાંત જો ઉપકરણ હોય તો તે ઔપગ્રહિત ઉપકરણ સમજવા. જિનકલ્પમાં બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગીયાર અને બાર ઉપકરણ એમ ઉપકરણ બાબતમાં આઠ વિકલ્પ છે. મુખ વસ્ત્રિકા અને રજોહરણ–એ બે ઉપકરણ તેમાં કલ્પ ( ઓઢવાના વસ્ત્ર ) ઉમેરતા ચાર થાય, તે ત્રણ ઉમેરતાં પાંચ થાય. એ દરેકની સાથે સાત પાત્રના ઉપકરણ થાય છે. પણ એ જિનકલ્પ કેવલ ઉત્સર્ગમય હોવાથી મંદસત્ત્વાળા જીવોને દુષ્કર છે, પણ જે જીવ સત્વવાલા છે તેમને સુકર છે અને તેજ ઉત્તમ છે. ગુરૂના આવા વચન સાંભળી શિવભૂતિ બોલ્યો ગુરૂવર્ય, તમારા કહેવા પ્રમાણે જો એ કલ્પ ઉત્તમ છે, તો પરલોક સાધવા કમર બાંધી તૈયાર થયેલા પુરૂષોએ તે કરવોજ જોઇએ; તે છતાં મોક્ષ સુખની ઇચ્છા રાખનારા સાધુઓ જિનેશ્વરે નહિ કહેલ વસ્ત્રાપાત્રાદિકનો સંગ્રહ છોડીને એ જિનકલ્પ કેમ કરતા નથી ? વળી જે ગુરૂનું લિંગ હોય, તેજ લિંગ તેના શિષ્યોએ પણ રાખવું જોઇએ.

ગુરૂ બોલ્યા, શિવભૂતિ, તારૂં કહેવું બરાબર યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ક્રિયા તીર્થંકરોએ આચરેલી છે, તેવી ક્રિયા આપણા જેવા કેમ કરી શકે ? તેવી ક્રિયાતો પહેલી સંઘેણવાલા ભારે સત્ત્વવાળાં જીવોજ કરી શકે; આપણે તો માત્ર તેમની પ્રશંસા કરી શકીએ. સાધારણ માણસ તીર્થંકર જેવા મહા સમર્થ પુરૂષોનું અનુકરણ કેમ કરી શકે ? ખાડામાં ફરનારૂં વરાહ શું સિંહની તુલના પામી શકે ? પ્રભુની મુખ્ય આરાધના તેમની આજ્ઞામાં વર્ત્તવું એજ છે કારણકે, કોઇપણ પુરૂષ રાજચિન્હ ધારણ કરીને રાજાની સેવા કરતો નથી.

હે શંકિત શિવભૂતિ, વર્તમાન શાસનના પતિ શ્રીવીર પ્રભુએ પાંચ પ્રકારના કલ્પ કહેલા છે. ૧ સ્થવિરકલ્પ, ૨ પરિહાર વિશુદ્ધિ કલ્પ, ૩ જિન કલ્પ, ૪ પ્રતિમાકલ્પ અને ૫ યથાલંદ કલ્પ. પેહેલા સ્થવિર કલ્પમાં ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવસ્સિયા, નિસ્સીહી, આપ્રચ્છના, પ્રતિપ્રચ્છા, છંદના, નિમંત્રણા અને ઉપસંપદા—એ દશ પ્રકારની સમાચારી છે, તે હમેશા પાળવી જોઇએ, માસ કલ્પ વિહાર કરવો જોઇએ અને હંમેશા ગુરૂકુલમાં રહેવું જોઇએ—એ વગેરે શુદ્ધ ક્રિયાઓ તેમાં કરવી પડે છે.

બીજા પરિહાર વિશુદ્ધિ કલ્પમાં ગ્રીષ્મરૂતુ, શિશિર રૂતુ અને વર્ષા કાલમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટપણે ચોથથી માંડીને બારસ સુધીનું તપ કરવું પડે છે. પરિહાર વિશુદ્ધિ કલ્પવાલા ત્રણે કાળે પારણામાં આંબિલ કરેછે અને સંસૃષ્ટા વગેરે સાત પ્રકારની ભિક્ષામાંથી છેલ્લી પાંચ ભિક્ષાનું ગ્રહણ કરે છે અને પેહેલી બે ભિક્ષાનો ત્યાગ કરેછે. એ ચાર પરિહાર કલ્પીનું તપ છે. અને બીજા જે કલ્પ સ્થિત વિગેરે પાંચ છે, તેમાં એક વાચનાચાર્ય તથા ચાર અનુચારિઓ છે. એ બધા હંમેશા આંબિલ કરેછે. એ રીતે છ માસ સુધી તપ કરીને પછી તેઓ પાછા છ માસ સુધી અનુપહારિક પદમાં રહી તપ કરે છે અને જે અનુપહારીક હોંય તે પરિહારિક પદમાં છ માસ સુધી આવે છે. એ રીતે પાછા છ માસ સુધી કલ્પસ્થિત રહીને તપ કરેછે અને બાકીના અનુપહારીકપણાને અથવા કલ્પસ્થિતપણાને ધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. એરીતે બાર માસ વીત્યા પછી કલ્પસ્થિતને વાચનાચાર્ય તે પણ પુર્વોક્ત ન્યાયે કરી છ માસ સુધી પરિહારિક તપ કરે અને બાકીના આઠ અનુપહારિક તે તેમની વૈયાવૃત્ય કરેછે, તથા વાચનાચાર્યપણે રહીને ગ્રહણ કરે છે. એટલે બધા મલીને વૈયાવૃત્ય કરનારા સાત થાય છે અને વાચનાચાર્ય એક થાય છે. તે પરિહાર વિશુદ્ધિ તપ એકંદર અઢાર માસનો છે. જન્મથી ત્રીશ વર્ષનો હોય તે તથા પર્યાયથી ઓગણીશ વર્ષનો હોય, તે સાધુ તે તમને સ્વીકારે છે, અને કલ્પ સમાપ્ત થતાં તે જિન કલ્પિ થાય છે. અથવા ગચ્છમાં પાછો આવેછે. અને એના કરનારા ખુદ જિન ભગવંતની પાસે તેને અંગીકાર કરેછે. અથવા તો જિન ભગવંતના પાસે જેણે લીધુ હોય, તેની પાસેથી અંગીકાર કરાવાય છે. તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર પહેલા અને છેલ્લા તીર્થંકરના વારે હોય છે.

હે શિવભૂતિ, હવે ત્રીજા જિનકલ્પિનું સ્વરૂપ ધ્યાનમાં રાખજે. જિનકલ્પિ બે પ્રકારના છે. પાણિપાત્ર અને પાત્રધારી. જે પોતાના હાથનુંજ પાત્ર કરનારા છે,તે પાણિપાત્ર કહેવાય છે અને જેઓ પાત્રા રાખનારા છે, તે પાત્રધારી કહેવાય છે. તે દરેકના પાછા બે ભેદ છે, [1]પ્રાવરણી અને [2]અપ્રાવરણી.

આ જિનકલ્પ અંગીકાર કરતા તેમની પાંચ પ્રકારે તુલના કરવામાં આવે છે. તપથી, સૂત્રથી, સત્વથી, એકત્વથી અને બલથી. તે છમાસી કરે તે તપથી તુલનાા થાયછે. ઉત્કૃષ્ટપણે કાંઇક ઊણા દશપૂર્વ અને જઘન્યથી આઠ પુર્વ અને નવમા પૂર્વની ત્રણ વસ્તુ જાણે તે સૂત્રથી તુલના થાય છે. તે સિંહ વિગેરેના ભયથી રહિત રહે, તે સત્વે કરી, બીજાની સહાયની દરકાર ન રાખે તે એકત્વેકરી અને પેહેલાં ત્રણ સંઘેણમાં વર્તે તે બલે કરી તેની તુલના થાય છે. જિનકલ્પી સાધુ એક ઉપાશ્રયમાં વધારેમાં વધારે સાત સુધી રહે છે, તેથી વધારે રહેતા નથી.

અપૂર્ણ.

---

૧ વસ્ત્રથી શરીર ઢાંકનારા, ૨ વસ્ત્રથા શરીર નહીં ઢાંકનારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાન.

સર્વધર્મશિરોમણિ આર્હતધર્મમાં દાનને માટે સારી રીતે લખાયેલું છે. પુર્વાચાર્યો દાનગુણને હૃદયથી પ્રશંસે છે. પરોપકાર અને દીન જનનો ઉદ્ધાર દાનથીજ થાય છે. જૈન ધર્મના સંસ્થાપક શ્રી અરિહંત ભગવંત પણ તીર્થંકરપદ સંપાદન કરવા વખતે વાર્ષિક દાનનો સમારંભ કરે છે. તીર્થની પ્રવૃતિ કરવાના આરંભમાંજ તેઓ દાનધર્મને આચરે છે. અને જગત્‌ના દારિદ્ર્યદુઃખને દૂર કરવાની ઉત્તમ ધારણા રાખે છે. આ ભારતવર્ષ ઉપર દાન ધર્મનો પ્રભાવ અર્હત ભગવાને પ્રગટ કર્યો છે; આ વિશ્વનો ઉદ્ધાર દાન કરવાથી થાય છે; આમ દાનનો ગુણ બીજા સર્વ ગુણના કરતાં ઉત્તમ છે.

પૂર્વે વિદ્વાનો, કવિઓ અને મુનિવરો દાનધર્મનો પ્રભાવ ગાતા હતા અને દાનધર્મનો ઉપદેશ કરતા હતા. એક સમર્થ રાજાએ સ્વપ્નમાં પોતાના રાજ્યનો ભરપૂર ખજાનો જોયો. સુવર્ણ તથા રૂપાના મહાન્ રાશિઓ પથરાએલા જોયા. અસંખ્ય ધન જોઈ તે ઘણોજ ખુશી થઈ ગયો. પ્રાતઃકાળે જાગેલા રાજાએ પોતાના કોશાધ્યક્ષને બોલાવ્યો અને પુછ્યું કે, આપણા ખજાનામાં કેટલું દ્રવ્ય છે? કોશાધ્યક્ષ બોલ્યો, મહારાજ, જેટલું જોઈએ તેટલું દ્રવ્ય છે, કાંઈ વિશેષ દ્રવ્ય નથી. તથાપિ જો આપને કોઈ મોટા કાર્યનો સમારંભ કરવો હોય તો તેને પૂરતું દ્રવ્ય આપણા કોશાગારમાંથી નીકળી શકશે. તે સાંભળી રાજાએ કહ્યું, કોશાધ્યક્ષ, મેં આજે સ્વપ્નની અંદર અનગલ દ્રવ્ય જોયું છે. અહા! મારા ખજાનામાં તેટલું દ્રવ્ય ક્યારે થશે? એવા દ્રવ્યના રાશિઓ હું ક્યારે જોઇશ? જ્યાં સુધી દ્રવ્યનો એવો મહાન્ સંગ્રહ થયો નથી, ત્યાં સુધી મારા જીવિતને, મારા રાજ્યને અને મારી સર્વોપરિ સત્તાને હું નિરર્થક માનું છું. જે રાજાઓના કોશભંડારો ભરપૂર છે, જેમના રાજ્યાસન આગળ રાજ્યલક્ષ્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૃત્ય કરી રહી છે અને જેમની લક્ષ્મીનો પ્રતાપ સર્વ દિશાઓમાં પ્રસરી રહ્યો છે, તે રાજાઓને સહસ્રવાર ધન્યવાદ છે. તેમના રાજ્યનો પ્રતાપ મધ્યાન્હ કાળના તીવ્ર તરણિની જેમ તપી રહેલો છે. આ પ્રમાણે કહી તે રાજાએ કોશાધ્યક્ષને કહ્યું, કોશાધ્યક્ષ, હવેથી તું આપણા રાજ્યનો ખજાનો ભરપૂર કરજે. ગમે તેમ કરીને પણ આપણા ખજાનાને તર કરવા તરફ પૂર્ણ ધ્યાન રાખજે. પછી રાજાએ પોતાના તમામ અધિકારીઓને બોલાવીને કહ્યું કે, સર્વ અધિકારીઓએ રાજ્યના તમામ ખાતાઓમાં સંકોચ કરવો અને જેમ બને તેમ ઉપજ વધારી દ્રવ્યનો સંગ્રહ કરવો. રાજાની આજ્ઞાથી બધાઓએ લોકોની ઉપર કર વધાર્યો. આથી લોકોમાં હાહાકાર થવા લાગ્યો. લોકો ઉપર જુલમ જોઇ રાજાના શાણા મંત્રીઓ વિચારમાં પડયા અને રાજાને સમજાવવાનો તેમણે વિચાર કર્યો. દ્રવ્યના લોભી અને દ્રવ્યનો સંગ્રહ કરવામાંજ તત્પર બનેલા રાજાને કોઇપણ કહી શકયું નહીં. એક વખતે રાજાનો જન્મ દિવસ આવ્યો. રાજાએ દરવર્ષ મુજબ તે ઉત્સવ કરવા ગામમાં આખા શેહેરમાં ઉદ્‌ઘોષણા કરી, પણ દ્રવ્યના કરથી પીડાએલા અને દાનના લાભથી રહિત એવા લોકોએ તે ઉત્સવમાં ભાગ લીધો નહીં. રાજા સવારી કરી શહેરમાં ફરવા નીકળ્યો પણ કોઇ માણસ ઉમંગથી તેમની સવારી જોવા આવ્યું નહીં. રાજાની સવારી શેહેરના દરવાજા આગળ આવી ત્યાં એક મોટા પાટીઆ ઉપર નીચેનો શ્લોક લખેલો રાજાએ જોયો.

**गौरवं प्राप्यते दानान्नतु वित्तस्य संचयात् ।**
**स्थितिरुच्चैः पयोदानां पयोधीनामधः स्थितिः ॥**

"દાન આપવાથી ગૌરવતા થાય છે, કાંઇ પૈસાનો સંચય કરવાથી ગૌરવતા થતી નથી. (જળને આપનારા) વરસાદનું સ્થાન ઉંચે છે અને (જળને ભરી રાખનાર) સમુદ્રનું સ્થાન નીચે છે".

રાજાએ તે શ્લોક વાંચ્યો અને તેનો અર્થ જાણ્યો. તત્કાળ તે વિચારમાં પડયો. અહા! આ શ્લોકે મને ખરેખરો બોધ આપ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. મેં લોકોને પીડા કરી દ્રવ્ય સંગ્રહ કરવા માંડયો, એ ઘણુંજ અનુચિત કર્યું–લોકોમાં મારી ગૌરવતા ઘટી ગઈ. જ્યારે મારી સવારી બાહેર નીકળતી, ત્યારે બાળકથી તે વૃદ્ધ સુધીના લોકો ઉમંગથી તે જોવા આવતા, તેઓ અત્યારે નાઉમેદ થઇ ગયા છે. અરે મારી બુદ્ધિમાં આ શું થયું કે મેં લોકોને પીડા કરી દ્રવ્ય સંગ્રહ કરવાનો વિચાર કર્યો--આવું વિચારી રાજા સવારી લઇ પાછો આવ્યો અને તત્કાળ લોકોને દ્રવ્યનું અગણિત દાન આપવા લાગ્યો. તેણે દાનથી ચંદ્રના જેવું નિર્મળ યશ સંપાદન કર્યું. દાનનો પ્રભાવ દિવ્ય છે. દાનધર્મના પ્રભાવથી ઘણાઓએ પોતાના જીવનને સાર્થક કરેલું છે. શ્રી અર્હંત ભગવાનના વાર્ષિક દાન વખતે " અહો દાન અહો દાન " એવી દિવ્ય વાણી જે દેવતાઓના મુખમાંથી નીકળે છે, તે દાનધર્મના દિવ્ય પ્રભાવને સૂચવે છે.

આ દાનના ત્રણ પ્રકાર છે: અભયદાન, અનુકંપાદાન અને કીર્તિદાન. અભયદાન એટલે સુપાત્રદાન સુપાત્રને તેના સંયમ વિગેરેના નિર્વાહમાં નિર્ભય કરવાનું જે દાન તે અભયદાન કહેવાય છે. અભયદાન સુપાત્રદાન આપવાથી પરલોકના સર્વ જાતના કલ્યાણ થાય છે અને મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. અનુકંપાદાન પરંપરાએ મોક્ષ ફળને આપનારૂં છે. પણ તે હંમેશાં સાંસારિક સુખને તો અવશ્ય આપનારૂં છે. કીર્તિદાન તો સાંસારિક સુખનેજ આપનારૂં છે.

આ ત્રણ પ્રકારનાં દાન જેને આપવામાં આવે તે પાત્ર કહેવાય છે. તે પાત્રના ત્રણ પ્રકાર છે. ઉત્તમ પાત્ર, મધ્યમ પાત્ર અને જઘન્ય પાત્ર. નિર્મલચારિત્રને પાલનાર સાધુ તે ઉત્તમપાત્ર છે. ગૃહસ્થ ધર્મને યથાર્થ પાલનાર શ્રાવક મધ્યમ પાત્ર છે અને અવિરતિ સમ્યગદૃષ્ટિ તે જઘન્ય પાત્ર છે. વળી જઘન્ય પાત્રમાં આંધળા, લુલા, દુઃખી વિગેરેની અને ભીખ માગનારાની પણ ગણના કરેલી છે. તેવાઓ કદિ શ્રાવક ધર્મથી રહિત હોય, તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તેમને અવશ્ય દાન આપવું જોઇએ. અનુકંપા દાનમાં તેમનો સમાવેશ થાય છે.

તે દાનનાં પાંચ દોષ અને પાંચ ભૂષણ કહેવાય છે. પાત્ર મળ્યા પછી દાન આપવામાં અનાદર કરે, વિલંબથી લાંબો વખત ગુમાવે, અવળું મુખ કરે, "મારી પાસે નથી" એમ ખોટું બોલે અને દાન આપીને પસ્તાવો કરે–એ પાંચ દાનના દોષ કહેવાય છે. એ પાંચ દોષથી દાન કલંકિત થાય છે. ગૃહસ્થ શ્રાવકે દાન આપવામાં એ પાંચ દોષને દૂર કરવા. વળી દાનનાં પાંચ ભૂષણ છે. પાત્રને દેખી આનંદનાં અશ્રુ આવે, શરીર રોમાંચિત થઇ જાય, પાત્રને ઘણું માન આપે, મધુર વચનથી બોલાવે અને દાન આપ્યા પછી અનુમોદના કરે– એ પાંચ દાનનાં ભૂષણ કહેવાય છે, એવા દાનથી ભૂષિત થયેલું દાન દાતારને સદ્ગતિનું કારણ થઈ પડે છે. રત્નસાર કુમારની કથા દાનધર્મના દિવ્ય મહાત્મ્યને સૂચવનારી છે. શ્રાદ્ધવિધિમાં એ કથા આપેલી છે. જૈનધર્મના ઇતિહાસમાં રત્નસાર પ્રખ્યાત છે. પરિગ્રહપરિમાણના વ્રતથી તેણે જગતમાં દાનધર્મને દીપાવ્યો હતો. સુપાત્રને દેખી તેણે દાનના પાંચ ભૂષણો પ્રગટ કર્યાં હતાં.

આવા દાનધર્મને ઉત્તમ શ્રાવકે પ્રગટ કરવો જોઇએ. જેનામાં દાનગુણ નથી, તે શ્રાવકનું જીવન નિરર્થક ગણાય છે, ઉત્તમ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થયા છતાં જે જૈનગૃહસ્થ લોભને વશ થઇ દાનધર્મ કરતો નથી, તે ધર્મના બીજા કાર્યને લાયક નથી.

ભારતવર્ષમાં પ્રાચીન જૈન ગૃહસ્થોએ જે ઉદારતા દર્શાવી છે, તેવી ઉદારતા બીજા કોઇએ દર્શાવી નથી. તેમની ઉદારતાનો લાભ અગણિત યાચકોએ લીધેલો છે. તેઓ દાન આપવામાં જાતિ કે ધર્મનો ભેદ ગણતા ન હતા. સર્વ પ્રકારનાં દાન તેઓ સમાન બુદ્ધિથી કરતા હતા. સર્વથી અભયદાનને મુખ્ય ગણતા હતા. આપણા જૈન પ્રાચીન શાસ્ત્રોમાં દાનનો મહિમા અપાર દર્શાવ્યો છે. શ્રાવકની શ્રાવકતા દાનધર્મથીજ ગણાય છે. ભુખ્યાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજન આપવું એજ શ્રાવક ગૃહસ્થનો મુખ્ય ધર્મ દર્શાવેલ છે. ગૃહસ્થ શ્રાવકના વ્રતોમાં "અતિથિ સંવિભાગ વ્રત" ગણેલું છે. કોઇપણ ગૃહસ્થ શ્રાવક ભોજન કરવા બેસે, ત્યારે ગમે તે પોતાનો સાધર્મીબંધુ આવે તેને પોતાની સાથે યથાશક્તિ ભોજન કરાવવું જોઇએ. સાધર્મીબંધુની પણ દાનપાત્રમાં ગણના કરેલી છે: શુદ્ધ ધર્મના ધારણ કરનાર દયાલુ શ્રાવકે ભોજન વખતે પોતાના ગૃહદ્વાર ઉઘાડાં રાખવાં જોઇએ. ગમે તે અન્નાર્થી આવી ચડે તેને તે સમયે અન્નદાન કરવું જોઇએ. તેને માટે આગમમાં નીચેની ગાથા લખેલી છે–

नेव दारं पिहावेइ भुंजमाणो सुसावओ ।
अणुकंपा जिणंदेहिं सड्ढाणं न निवारिया ॥

"શ્રાવકે ભોજન વખતે ઘરનાંદ્વાર બંધ કરવાં ન જોઇએ. જિનેશ્વર ભગવંતે શ્રાવકને અનુકંપાદાન કરવાની મના કરેલી નથી"

---

# બ્રહ્મચર્યપ્રભાવ.

## નર્મદાસુંદરી.

(ગયાવર્ષના અંક ૯ મા ના પૃષ્ઠ ૨૧૩ થી શરૂ).

### સમાગમ.

પ્રાતઃકાળનો સમય હતો. ગગનમણિ ઉદયાચલ ઉપર આરૂઢ થઇ જગત્‌ને પ્રકાશ આપતો હતો; અજ્ઞાનથી મુક્ત થયેલ પ્રાણી જેમ જ્ઞાન મેળવીને કૃતાર્થ થાય, તેમ જગત્ અંધકારમાંથી મુક્ત થઇ પ્રકાશ મેળવીને કૃતાર્થ થતું હતું; આસ્તિક લોકો આત્મસાધન કરવા તૈયાર થતા હતા; ધર્મી લોકો વિવિધ જાતની પુણ્યની સામગ્રી સંપાદન કરતા હતા; અને ઉદ્યોગી લોકો પોતપોતાના ઉદ્યોગમાં ઉત્સાહથી પ્રવર્ત્તતા હતા.

આ સમયે રૂદ્રદત્તની સ્ત્રી ઋષિદત્તા આનંદમગ્ન થઇ બેઠી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. જ્યારથી તેણીને ઉત્તમ સ્વપ્ન આવ્યું હતું ત્યારથી તે નવ નવા મનોરથ કરતી હતી. આ નવા મનોરથોની સાથેજ તેણીના હૃદયમાં ધર્મભાવના જાગ્રત થઇ હતી. જૈન ધર્મના પ્રભાવનો પ્રકાશ તેના મનોમંદિરમાં પડી રહ્યો હતો. રૂદ્રદત્તના સંબંધથી તેણીની મનોવૃતિમાં જે મિથ્યાત્વની મલિન છાયા પડી હતી, તેને આર્હિતધર્મના પ્રભાવને પ્રકાશે દૂર કરી હતી. ઉત્તમ પ્રકારની ધાર્મિક ભાવનાઓને તે ભાવતી હતી. ભવિકતાના બીજને ધારણ કરનારી અને ધર્મના ઉત્તમ ફળને આપનારી તેની મનોવૃત્તિ ધર્મના અનુપમ આનંદને અનુભવતી હતી. આવા મનોમય ધાર્મિક આનંદને મેળવતી રૂષિદત્તા પોતાના સ્વપ્નના ફળની રાહુ જોતી હતી, અને નિમિત્તિયાની વાણી ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી શુભચિંતન કરતી હતી.

આ સમયે એક તરૂણ પુરૂષ દોડતો આવ્યો. તેના હૃદયમાં શ્વાસ સમાઇ શકતો ન હતો. તેણે આવી "વધામણી" "વધામણી" એવો ધ્વનિ કરવા માંડયો. શુભ શ્રવણનું પ્રતિપાલન કરી બેઠેલી ઋષિદત્તા સત્વર બેઠી થઇ અને બોલી, ભદ્ર, સત્વર કહે, શી વધામણી છે ? તે તરૂણ પુરૂષ બોલ્યો, માતા, તમારો પુત્ર મહેશ્વરદત્ત એક સુંદરી સાથે આવે છે, અને તેણે નગરની બાહેર ઉભા રહી મને વધામણી આપવા મોકલ્યો છે. આ શુભ ખબર સાંભળી ઋષિદત્તાના હૃદયમાં જે આનંદ, જે ઉમંગ, જે ઉત્સાહ, અને જે દર્શનાતુરતા પ્રગટ થઇ તેનું વર્ણન કરવું અશક્ય છે. તે તત્કાળ બેઠી થઇ. તેના અંગ ઉપર રોમોદ્દગમ થઇ આવ્યો. રોમેરોમ પુત્રવાત્સલ્ય પ્રગટી નીકળ્યું. આનંદની ઉછળતી ઉર્મિઓમાં તરતી ઋષિદત્તા ગદ્દગદ્ સ્વરે બોલી—ભદ્ર, કહે, મહેશ્વરદત્ત કયાં છે ? તું કૃપા કરી મારી સાથે ચાલ, અને મને પુત્રના દર્શન કરાવ–હું તારો ઉપકાર માનીશ" ઋષિદત્તા આ પ્રમાણે કહેતી હતી, ત્યાં રૂદ્રદત્ત બાહેરથી ઘેર આવ્યો. તેને ઋષિદત્તાએ મહેશ્વરદત્તના ખબર આપ્યા. તે સાંભળી તેના હૃદયમાં અતિ આનંદ ઉત્પન્ન થઇ આવ્યો. તરતજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે પેલા વંધામણી લાવનારને પોતાની શકિત પ્રમાણે એક સુંદર વસ્ત્ર ભેટ આપ્યું. પછી તેણે પોતાના સ્નેહીઓ, સંબંધીઓ, અને આડોશી પાડોશીઓને એકઠા કરી, વધૂ સહિત પુત્રને સામૈયું કરવાની તૈયારી કરી. સર્વે નવિન પોશાક પેહેરી સામા જવાને સજ્જ થઇ ગયા. કેટલાએક વાજિત્ર વાળાઓને પણ બોલાવવામાં આવ્યા. વાજિત્રોના નાદ અને સુંદરીઓના ગીતથી રૂદ્રદતનું આંગણુ ગાજી રહ્યું. વરઘોડાને આકારે બધું મંડળ આનંદ ઉત્સવ કરતું નગરની બાહેર આવ્યું.

આ પ્રમાણે ધામધૂમ સાથે સામૈયું આવતું જોઇ મહેશ્વર દત્ત અને નર્મદાસુંદરી આશ્ચર્ય પામ્યા. ક્ષણવારે બધુ મંડળ નજીક આવી પોહોચ્યું. મહેશ્વરદત્તને જોતાંજ ઋષિદત્તા ઉતાવળી ચાલી અને પોતાના વિજયી પુત્રને ભેટી પડી. નયનમાંથી પ્રેમાશ્રુની ધારા ચાલવા લાગી, શરીર રોમાંચિત થઇ ગયું. મહેશ્વરે પ્રેમથી પ્રણામ કરી માતૃભકિત દર્શાવી, અને પરસ્પર સુખશાતા પુછવામાં આવી. પછી રૂદ્રદત પણ પ્રેમથી પુત્રને ભેટી પડયો. બાહોશ પિતાએ પુત્રને બાથમાં લઇ પ્રીતિથી દબાવ્યો. આ વખતેજ આસ્થિક અને આર્હતપુત્રના આલિંગનથી રૂદ્રદતનું મિથ્યાત્વ ભય પામ્યું હોય, તેમ તે રૂદ્રદતના શરીરમાંથી નાશી ગયું. શ્રાવકપુત્રના દર્શનથી પિતાએ પણ શ્રાદ્ધધર્મ અંગીકાર કર્યો. તેના હૃદયમાં જૈનધર્મની પરમ આસ્થાના અંકુર પ્રગટી નીકળ્યા. પછી ઋષિદત્તા પોતાની પુત્રવધુ નર્મદાસુંદરીની પાસે આવી. પોતાની પૂજ્ય સાસૂ અને ફુઇ તરફ ભકિતભાવ દર્શાવતી એ મહા સતી ઋષિદત્તાના ચરણમાં નમી પડી. પુત્રવધુના આવા ઉત્તમ વિનયને જોઇ ઋષિદત્તા ખુશી થઇ અને તેને અંતરની આશીષ આપી. ઋષિદત્તા અલ્પ સમય થયાં પુનઃ શ્રાવિકા ધર્મની અધિકારી થઇ હતી, તથાપિ પોતાની પુત્રવધૂને જોવાથી તો તેણીનામાં આર્હતધર્મની શ્રદ્ધા વિશેષ વૃદ્ધિ પામી.

પછી મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરી બીજા, સંબંધીઓને,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહીઓને અને પાડોશીઓને અનુક્રમે મળ્યા અને સર્વના હૃદયમાં ઘણોજ સંતોષ થયો. ત્યાર પછી મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરીને સાથે લઇ ગાજતે વાજતે સર્વ સમાજ નગરમાં આવ્યો. શેરીએ શેરીએ સ્રીપુરૂષોના ટોળે ટોળાં તેમને જોવાને એકઠા થયા, અને આખા નગરમાં તેમનીજ વાર્તા ચાલવા લાગી આ પ્રમાણે મહેશ્વરદત્તે વધૂસહિત આનંદ સાથે ગૃહમાં પ્રવેશ કર્યો.

અપૂર્ણ.

---

# આત્મજ્ઞાન વિનાની ક્રિયાથી શું ?

**शास्त्र भणे वांचे वळी, शिरना लुंचे केश,**
**राखे वेश मुनि तणो, धर्म न थाए लेश. ॥ १ ॥**

**ભાવાર્થઃ**—નાના પ્રકારના શાસ્રો ભણવાથી અથવા તો તે શાસ્ર પોતે યા લોકો પાસે વાંચવાથી, તેમજ વળી માથાના વાળ ચુંટી કાઢવાથી અને મુનિરાજનાં કપડાં પહેરવાથી જરાપણ ધર્મ થતો નથી.

**પરમાર્થઃ**—કોઇપણ પ્રવૃતિ કર્યા પહેલાં શું શામાટે આ પ્રવૃતિ કરૂંછું તે બરાબર સમજવું જોઇએ. શાસ્રાદિ શામાટે ભણવાં વાંચવાં, તેનુ પ્રયોજન પણ પ્રથમથી નક્કી કરવું જોઇએ. જેઓ શાસ્રાદિ વાંચવા ભણવાનો હેતુ ધ્યાનમાં રાખતા નથી, તેઓ પોતે એકાન્તમાં વાંચતા હોય ત્યારે જાણે એક ટોપલામાં ફળો ભરતા હોય તેવા આબેહુબ દેખાય છે. એટલુંજ નહીં પરંતુ કેટલાએક એ શાસ્રોને પોતે ભણતા હોય, ગોખતા હોય, ત્યારે જાણે ઠાંસી ઠાંસીને ફળો ભરતા હોય એમ માલમ પડે છે કારણ કે જેમ ટોપલામાં ફળો ભરાય તેમ વાંચવાના પ્રયોજનનાં વારંવાર આસ્વાદ વિના મગજરૂપી ટોપલામાં પણ શાસ્રરૂપી ફળો ભરાય અને ઠાંસી ઠાંસીને એટલે ગોખી ગોખીને, પણ ભરાય. વળી કર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાસળ** કાઢવા રૂપ કે નિજસ્વરૂપ-ના જ્ઞાન પામવારૂપ હેતુ પ્રત્યેક કરણીમાં વારંવાર સન્મુખ ન રહે, અને શાસ્ત્રાદિ વાંચવાથી તો લોકો મને વાંચતો જોઇ વખાણશે, ભણીશ તો મારી પ્રશંસા કરશે. બહુ વ્યાકરણ, કાવ્યો, કોશ, કથા કથાનક વિગેરે ધર્મશાસ્ત્રો ગોખી ગોખી મારા મગજમાં રાખીશ, તો લોકમાં મારી બીજા કરતાં ઘણી નામના થશે, એવા માનથી જો મગજરૂપ ટોપલા તેઓના ફુલેલા હોય, તો તેમાં શાસ્ત્રોના વચનરૂપી ફળો ઘણાં ઘણાં રહેલાં છતાં હેતુરૂપી આસ્વાદની ખબર ન હોવાથી તે શાસ્ત્રો **બીજાની** પાસે સભા સમક્ષ ચાલે છે, પરંતુ પોતાને તેના સ્વાદની ખબર પડતી, નથી, અને શ્રાતોઓમાં પણ શ્રવણ–હેતુ નિરંતર સન્મુખ થતો નથી પણ વાંચનારા પોતાના મગજરૂપ ટોપલામાંથી, શાસ્ત્રના અમૃતમય ફળ શ્રોતાઓના મગજરૂપ ટોપલામાં રોજ રોજ ઠસાવતા માલમ પડે છે. તે જેમ ટોપલાને સ્વાદની ખબર નથી તેમ વક્તા શ્રોતાને વચન અમૃત ફળના આસ્વાદની ખબર નથી. વક્તા એમ જાણે કે " આજે અમે કેવું વાંચ્યું. " શ્રોતા એમ જાણે કે " આજે અમે વ્યાખ્યાનમાં ગયા હતા. ભલા લોકમાં તો કહેવાશે કે અમે વ્યાખ્યાન સાંભળવાને પણ જઇએ છીએ.

શ્રી વીર પરમાત્માના શાસનરૂપ કુટુંબમાં રહી જે મોટા, નાના કે સમાન, બાંધવો, વા બ્હેનો પ્રથમ શાસ્ત્રાદિ વાંચવા તથા શ્રવણાદિ કરવાનાં પ્રયોજનને પોતાના અંતરમાં નથી સંભારતા, તેઓ જીવતા ફોનોગ્રાફ કે સ્વરવાહક યંત્ર જેવા દેખાય છે. જેમ એડિસનના ફોનોગ્રાફમાં કોઇ શબ્દોના, વાકયોના કે ભાષણના ઉચ્ચારો યથાર્થ પડી રહે છે, ગાયનોને તાલ, સ્વર સાથે ઝીલી લે છે, અને પાછું જોઇએ ત્યારે તેવું ને તેવું બોલી જાય છે, વાહ! ગાઇ જાય છે, પરન્તુ શું બોલાયું, શું ભાષણ થયું, શી મતલબ તેમાં હતી, તે જેમ ફોનોગ્રાફે જાણ્યું નહીં, તેમ વક્તાના મુખરૂપ રીપ્રોડયુસર ( અર્થાત, જેવું ને તેવું બોલી જના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ ) માંથી, જેવું વાંચ્યું-સાંભળ્યું હોય તેવું ને તેવું કંઇ પણ સમજ્યા વિના શ્રોતાના કર્ણરૂપ recorder રેકાર્ડર (જેવું બોલાયું હોય તેવુંજ ગ્રહણ કરનાર ) માં ઉતરી જાય છે, પરંતુ નથી તો રેકાર્ડરને સમજ પડી કે નથી રીપ્રોડયુસરને કે વચનામૃતમાં શું હતું. આ માણસો જીવતા ફોનોગ્રાફનુંજ કામ કરતા જણાય છે. એમનું જીભરૂપી સીલંડર ચાલ્યાજ કરતું માલમ પડી આવે છે. પરંતુ હું કોણ છું, એવી પૂર્ણ જીજ્ઞાસા નહીં તેથી શાસ્ત્ર, વાંચી યા ભણી વા ગોખી બીજાને હરાવવાનીજ કે શાસ્ત્ર વાદથી સામાને નિરૂત્તર કરવાનીજ બુદ્ધિ રહેછે. આ સર્વ ખોટું છે. જે કરવાની જરૂર છે તે એ છે કે પોતે નિઃકષાયી થઇ પોતાના નિઃકષાયના બળ જાણે, સામાને નિષ્કષાયી કરવાની પૂર્ણ જીજ્ઞાસા પૂર્વક શાસ્ત્રો, જુએ ભણે, ગોખે, તો શાસ્ત્રરૂપી નિર્મળ દર્પણમાં પોતાને તો પોતાનું સ્વરૂપ દેખાઇ રહેશે. અને જેવું પોતાનું સ્વરૂપ છે, તેવું અનુભવ સહિત બીજાને પણ જણાવી શકશે, એટલુંજ નહી પરંતુ પરવસ્તુ માણસના કેશ જેવી નિરર્થક છે, એમ જાણી પોતાના દ્રવ્ય કેશલોચની સાથે પરવસ્તુના ત્યાગરૂપ ભાવલોચ પણ કરશે, તથા શ્વેતામ્બર કે પીતાંબર કે દિગંબર વેશ સાથે, સર્વ જીવ પર સમભાવરૂપજ—દયારૂપજ—બહાર પણ મુનિપણાનો વેશ જાણે અન્તર મુનિપણાના ચિન્હોનેજ બહાર દેખાડતા હોય તેમ થશે. આમ કર્યા વિના એમની સઘળી ક્રિયાથી રંચ માત્ર પણ ધર્મ થતો નથી. માત્ર ધર્મના ઉપકરણો સાથે રમત થતી હોય તેવુંજ; હાલ હાલ તો ઘણું ચાલ્યું જાય છે. અંતરમાં હેતુ તરફ લક્ષ દેવડાવવાના પ્રથમ યત્ન વિના માનાદિના ફુલેલાં ટોપલા ભરેલાં ફળો અને જીવંત, જડવત્ ફોનોગ્રાફો હોય તેમજ જણાય છે, માટે કહ્યું છે કે, શાસ્ત્ર ભણવાથી, વાંચવાથી કે કેશલોચ કરવાથી કે મુનિનો વેશ પહેરવા માત્રથી કાંઇ પણ ધર્મ થતો નથી.

પણ જો નીચે લખેલી રીતિએ વર્તે તો મુક્તિ મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



राग, द्वेष, परिग्रह तजी, करे स्वरुप पिछान ।
पूर्वे कही करणी करे, थाय मुक्ति निदान. ॥

ભાવાર્થઃ—રાગદ્વેષરૂપી, આન્તર પરિગ્રહના ત્યાગ પૂર્વક ધન ધાન્યાદિ નવ વિધ બાહ્ય પરિગ્રહ તજતો જાય, વળી આત્મા અને અનાત્મા વસ્તુને ઓળખતો જાય, અને ગયા દૂહામાં શાસ્ત્ર ભણવા, વાંચવા વિગેરે કહ્યું છે તે ત્યાર બાદ કરતો જાય તો, નિશ્ચય મુક્તિ પામે એમાં સંદેહ નથી.

પરમાર્થઃ—રાગ-દ્વેષ ત્યાગ વિના આપણા જગત્ પિતૃરત્ન શ્રી મહાવીર સ્વામીના શાસનના સાધુ વર્ગ પણ જાણે લોચ કરાવતા હોવા છતાં હજામત કરાવેલાના વાળ પાછા ઉગતા હોય તેવી સ્થિતિમાં દેખાય છે. હજામત કરાવનાર દરેક માણસ જાણે છે કે, અમારા વાળ પાછા જલદી ઉગે છે, તેમ સાધુઓ પણ કુટુંબ, સગાંવહાલાં, ધન, ઘર, પરિવાર, જાણે છોડયા ન હોય તેવા માલમ પડે છે. રાગ દ્વેષના ત્યાગ વિના માત્ર બાહ્ય ત્યાગથી ઘર તજે છે તો ઉપાશ્રયને પોતાનો માની કેટલાક તેને પોતાનું ઘર બનાવી દે છે, અને પોતાનોજ ઉપાશ્રય હોય એમ દઢપણે વર્તે છે. એટલુંજ નહીં પરન્તુ તેમાં મમત્વ એવું જોવામાં આવે છે કે, તેને માટે મોટા મોટા કજીઆ પણ થાય છે, કોર્ટે પણ ચડાય છે. અને જેમ ગ્રહસ્થ પોતાનું ઘર બીજાને રહેવા આપે નહીં તેમ બીજા સાધુઓને આ સાધુઓ રહેવા પણ ન આપે, કારણ કે તેઓ જેમ ઘરને થોડો વખત પહેલાં મારૂં માનતા હતા, તેમ હવે ઉપાશ્રય—ઉપાશ્રય ઉચ્ચારણ કરતાં છતાં તેઓ તેને ઘર સમજે છે, પરન્તુ જગત્ પિતા શ્રીવીરને પગલે ચાલવાનું પૂર્ણપણે કબુલ કરવા છતાં તેમની પેઠે ઘર ત્યાગ પૂર્વે પોતાના ઘરનો ત્યાગ કરવારૂપ પોતાના ઘરને પણ જાણે ઉપાશ્રય હોય તેમ મોટા ભાઇ નંદીવર્ધનની સાથે રહ્યા તેમને પગલે ન ચાલતાં, દિક્ષા ગ્રહણ કર્યા પૂર્વે જેમ પોતાના ઘરને, મારૂં મારૂં ન ગણતા હતા તેમ છેવટની ઘડી સુધી ઘર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ વૃતિ ન હોવાથી, દિક્ષા લીધા પછી ઘરને ઉપાશ્રય બનાવવાને બદલે ઉપાશ્રયને ઘરજ બનાવતા હાલના કેટલાક વડીલ વીરપુત્રો દેખાય છે. અને કોઇ પણ સાધુને માટે આ ઉપાશ્રય –ઉપઆશ્રમરૂપ છે એમ બોલવા છતાં ઘરરૂપ પરિગ્રહ ચારે બાજુએ વીંટીને બેઠો હોય તેમ તેઓને રાગાદિના આંતર ત્યાગ વિના બની વીંટી રહ્યો જણાય છે. અને જેમ પોતાના ઘરમાં કોઇ આવે તો તેના ઉપર દ્વેષ થાય, તેને પોલીસ પાસે હાંકી કહડાવે, તેમ પોતાના ઉપાશ્રયમાં કોઇ આવે તો, શ્રાવકોમાંના કેટલાક પોલીસ જેવા શ્રાવકો પાસેથી બીજા સાધુઓને ઉતારો પણ આપવા ન દે. જુઓ " આસવીજીવકરૂંશાસનરસી " ની ભાવનાને અમલમાં લાવવાની ઇચ્છા રાખનારા મારા મોટા ભાઇઓ ? આશ્ચર્ય.

વલી રાગ દ્વેષના ત્યાગ વિના કુટુંબનો ત્યાગ કરી, પાછું, પોતાના ગચ્છમાંજ આવેલાને—પોતાના ગચ્છનેજ પોતાનું કુટુંબ માને છે, જેમ ઝવેરીના ગોત્રમાં આવે, તેજ ઝવેરીના કુટુંબીઓ, તેમ મારા સંઘાડામાંજ આવેલા, મારા કુટુંબીઓ, ને બીજાઓ, તો જાણે સાધુઓજ ન હોય તેવું મારૂં તેમની સાથે વર્તન, તેવું તેઓનું બીજા સંઘાડાના સાધુઓ તરફ વર્તન. સવી જીવ કરૂં એ તો રહ્યું. સવી મનુષ્ય કરૂં એ પણ રહ્યું. સવી પચીશ લાખ શ્રાવક કરૂં એ પણ દૂર રહ્યું, પરન્તુ " સવી સાધુઓ સાધ્વીઓ કરૂં શાસન રસી " એ પણ આજે દૂર, દૂર, દૂર, થતું ગયું એ શું ? જગત્‌ના પિતાશ્રી વીરને પગલે ? જેણે સર્વસ્વ નંદીવર્ધનને આપી દીધું, અને ઘરમાં રહીને પણ પરિગ્રહ ત્યાગ બુદ્ધિ રાખી, જેણે એક વસ્ત્રમાંથી પણ અરધું જોઇતું હતું તેવા બ્રાહ્મણને આપ્યું, તો તેનાજ છોકરાઓ આજે રહેવાને ઉપાશ્રય આપવામાં પણ અડચણ નાંખે એ શું આશ્ચર્ય નથી ?

લી. મુમુક્ષુ:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિવિધ વર્ત્તમાન.

**પરદેશી ખાંડ** અને **કેસર** ન વાપરવા માટે ઘણા લાંબા વખત થયા ભારે ચર્ચા થયા કરે છે. ઘણે સ્થળે એ વસ્તુઓ ન વાપરવાના ઠરાવ થયા છે. ઠરાવ થયા છે એ વાત સારી છે; પણ ઠરાવની સાથે એ ઠરાવ કાર્યમાં મેલાતા હોય તોજ એ વાત સ્તુતિને લાયક છે. બાકી ઠરાવ ઠરાવની ફાઇલમાંજ પડયા રહેવા જેવું થાય એવા ઠરાવો કાંઇ કામના નથી.

વળી આવા ઠરાવો ન્હાના ગામડાઓમાં ને ન્હાના શહેરોમાં થએલા સંભળાય છે. ( કારણ કે, ત્યાંના રહીશો—આપણા સાધર્મિક બાંધવો ભદ્રક પરિણામી હોવાથી વિશેષ ભવભીરૂ હોય છે ). પણ મ્હોટા નગરો કે શહેર—પાટણમાં આવા ઠરાવો થએલા સાંભળવામાં આવતા નથી. એવા સ્થળોના અગ્રેસરોએ આ વાત ઉપાડી લઇ એને પૂરતો ઇનસાફ આપવાની જરૂર છે; કારણ કે ઠરાવ થયા હશે તો કોઇક દિવસ પણ એ ઠરાવો અમલમાં મુકવાનો વખત આવશે.

આ બાબતમાં અમારે જે કહેવાનું છે તે એ છે કે,—

**ખાંડ** જેવા પદાર્થની સ્વાદિષ્ટ ખાનપાન આદિમાં જરૂરીઆત હોવાથી એનો ખપ રહે છે, ને રહેવો જોઇએ એ સ્વાભાવિક છે. પછી તે પરદેશી અમુક અમુક કારણોને લીધે ત્યાજ્ય કહી છે; અને સ્વદેશી બધી રીતે શુદ્ધ હોવાથી માન્ય રાખી છે. ખાંડની બાબતમાં આમ જરૂરીઆત હોવાથી એમાંથી એક જાતની માન્ય રાખવામાં આવી છે. પરંતુ,

**કેસર** વિષે જે ચરચા ચલાવવામાં આવે છે તે ચરચાનો અમારી માન્યતા પ્રમાણે જાદીજરીતે ફડચો કરવાની નિશ્ચયતા ઉપર આવી શકાશેઃ હાલ કેસરનો બહોળો ખપ જિનેશ્વર ભગવંતની પૂજા આદિમાં છે. તેમાં **શેળભેળવાળું** પરદેશી ન વાપરતાં **શુદ્ધ** સ્વદેશી વાપરવું એમ કહે છે. પણ " **मूलं नास्ति कुत शाखा** "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે કે જીનેશ્વર ભગવંતની પૂજા–અર્ચામાં કેસરજ ક્યાં વાપરવાનું કહ્યું છે કે વળી પરદેશીની ને સ્વદેશીની ચરચાજ ચલાવવી પડે ? **પૂજાની જ્યાં જ્યાં** વાત છે ત્યાં ત્યાં શાસ્ત્રકારોએ ચંદન પૂજાજ બતાવી–ગણાવી છે. " હવે બીજી **ચંદન** તણી પૂજા કરો મનોહાર ". ઇત્યાદિ. અમારા સમજવા પ્રમાણે કોઇ સ્થળે કેસરપૂજા કહી નથી. તો પછી દેશી કે પરદેશી બેઉ જાતની વાત જવા દઇ, શુદ્ધ **ચંદનથીજ** પૂજા શા માટે ન કરવી કે જેથી શુદ્ધાશુદ્ધ કેસરની પરીક્ષા કરવા કરાવા ન જવું પડે !

અમને તો એમ લાગે છે કે, **ચંદન** સસ્તું ને કેસર મોઘું એટલે અધિક મૂલ્યવાન્ એ અધિક એવી ગણત્રીથી પ્રથમ શ્રીમંત લોકોએ ચંદનને બદલે કેસરથી પૂજા કરવી શરૂ કરી હશે. ત્યારપછી બીજાઓની પણ એવીજ માન્યતા થઇ હશે–ને ધીમે ધીમે એવી રૂઢી પડી ગઇ હશે કે કેસરથી પૂજા કરવી. પણ મૂલ્યમાં ચઢીઆતું એવું આ **કેસર** પણ ગુણમાં **ચંદન** કરતાં કોઇ પણ રીતે ચઢે તેમ નથી; ઉલટું ઉતરે તેમ છે. જિનેશ્વર ભગવંતની પૂજ્ય પ્રતિમાનું ચંદનથી પૂજન કરવાનું જે શાસ્ત્રમાં કથન છે તે સકારણ જણાય છે. **ચંદનમાં** શીતળતાનો જે ઉત્કૃષ્ટ ગુણ છે એનેજ લઇને એ પ્રમાણે કહેલું છે. આપણા મનુષ્ય આદિના શરીરપર પણ જે વિલેપન આદિ કરવામાં આવેછે તે દેહની શીતળતાને અર્થેજ છે; તો જિનેશ્વર ભગવંતની પ્રતિમાને તો વિલેપન–અર્ચન–પૂજન વિશેષતઃ ચંદન જેવી શીતળ વસ્તુથી કરવું સમજણ ભરેલું છે–નહિ કે કેસર જેવી ઉગ્ર કે ગરમ વસ્તુથી. વળી બરાસનું વિલેપન કરવામાં આવે છે તે પણ શીતળતાને અર્થેજ હોઇને અમારી માન્યતાને પુષ્ટિ આપનારૂં છે.

વધારામાં કહેવાનું કે, આ કાર્યમાં અગાઉ કેસર એકલુંજ વપરાતું હશે કે એની સાથે ઓછા વત્તા પ્રમાણમાં ચંદનનું મિશ્રણ કરતા હશે એ વાત તો હોય તે ખરી. પરન્તુ હમણાંતો દેરાસરોમાં ખરચની બાબતમાં તંગી હશે એથી કે ગમે તેથી, પૂજા–અર્ચાના કેસરના વાડકામાં કેસરતો નામનુંજ નજરે પડે છે. કેસરની સાથે ચંદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નનું મિશ્રણ નહીં; પરંતુ ચંદનની સાથે કેસરનું નામનું માત્ર મિશ્રણ દેખાય છે. વળી કોઇ કોઇ સ્થળે તો એ મિશ્રણ છેક પાતળું પાણી જેવું—ને પ્રભુને અંગે તિલકજ કરતાં તિલક વર્તાય નહીં એવું, ને એના રેલા ઉતરે એવું વપરાતું જોવામાં આવે છે.

અમારા પ્રિય વાંચનારાઓ અને ધર્મ બંધુઓ ! જો તમને આ અમારા કહેવાપર સુવિચાર પૂર્વક ધ્યાન આપતાં તે સકારણ અને સત્ય લાગે તો આ પરદેશી કે સ્વદેશી કેસરનીજ વાત જવા દઇને અરિહંત ભગવાનની પૂજા આર્યોમાં જોઇતા પ્રમાણમાં ચંદનજ પુરૂં પાડવાની આવશ્યકતા વિચારશો.

## રેશમ અને રેશમી વસ્ત્રો.

ખાંડ અને કેસર વિષે યોગ્ય ચરચા ચોતરફ ચાલી રહી છે એ વાસ્તવિક છે. પણ એની સાથે એના જેટલી, બલકે, એના કરતાં અધિક મહત્વવાળી વાત, **રેશમી** વસ્ત્રોનો ઉપયોગ જેમ બને તેમ કમી કરવા વિષે ચરચા ચલાવવા સંબંધીની છે.

રેશમ શામાંથી બને છે એ વાત ગુજરાતી ત્રણ ચોપડી સુધી શીખેલાઓ સુદ્ધાં જાણતા હોય છેજ એટલે તેનું બહુ લંબાણ પૂર્વક વ્યાખ્યાન કરવું ઉચિત નથી. તોપણ એ વાત જેમના સ્મૃતિ પથમાંથી જતી રહી હોય એમની જાણને ખાતર ટુંકમાં સમજણ આપવી ઠીક જણાય છે કે—

શેતુરના પાંદડા ખાઇને ઉછરેલા એક જાતના કીડા પોતાના શરીરમાંથી તાંતણા કાઢીને એ તાંતણાને એક કોશેટાના આકારમાં પોતાના શરીરપરજ લપેટે છે. એ તાંતણાં તે રેશમ છે. આવા તાંતણાને એ તાંતણાના કોશેટા બનાવનાર કીડાઓ જ્યારે પુખ્ત થાય છે જ્યારે એને ઉછેરનારાઓ એ કીડાઓને ગરમ ઉકળતા પાણીમાં નાખેછે ને એમને બેજાન કરેછે. એમ કર્યા પછી એમના પરનો રેશમનો કોશેટો એઓ ઉખેળી લેછે. એ ઉખેળી લીધેલું તે રેશમ છે.

આવી રીતે શ્રીમંતોને માટે કે કહોતો, રેશમી વસ્ત્રોના શોભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનનારાઓને માટે, અસંખ્ય જીવડાંઓને ઉછેરી ઉછેરીને તેનો વેપાર કરનારાઓ એમનો **સંખ્યાબદ્ધ** સંહાર કરેછે. એ સંહારના હેતુ ભૂત એ વસ્ત્રોના પહેરનારા થાય છે. તો આવા જીવડાઓના ભોગે તૈયાર થયેલાં વસ્ત્રો પહેરવાની, બીજાઓ તો શું, પણ આપણા **દયાધર્મી** જૈનભાઇઓ, શામાટે હોંશ રાખે છે ?

આવાં વસ્ત્રો પહેરીને એઓ રાજી થાય છે એટલુંજ નહીં; પણ એવી રીતે તૈયાર કરવામાં આવેલાં એ વસ્ત્રોને એઓ વળી પવિત્ર ગણે છે ! માંગલિક પ્રસંગે અને ભગવંતની પૂજા અર્ચા કરતાં એ રેશમી વસ્ત્રો પહેરાય છે. **કીડાઓનો** સંહાર થવાથીજ બનેલાં એ વસ્ત્રોને પવિત્ર શાપરથી ગણ્યાં હશે એ સમજાતું નથી. મોંઘુ એટલું સારૂં, ને મોંઘુ એટલું ઉંચુ એમ મોંઘુ એટલું પવિત્ર( ! ) પણ ગણ્યું હશે–તે શિવાય બીજી કોઇ રદ્દીઓ એની પવિત્રતા સાબીત કરવા માટે શોધ્યો હાથ લાગે એમ જણાતું નથી.

આ પરથી એમ તો સમજાયું હશે કે ગમે તેવી રીતે એની પવિત્રતા તો સિદ્ધ થતી નથી; ઉલટી અપવિત્રતા બહાર આવેછે; તો એનો પણ સમજુ સ્વધર્મીઓએ સુવિચાર પૂર્વક ત્યાગજ કરવો યોગ્ય છે.

For Private And Personal Use Only